NAVSARI AGRICULTURAL UNIVERSITY

# હિસાબ નિયામકશ્રીની કચેરી
# નવસારી કૃષિ યુનિવર્સિટી
# નવસારી

**વંચાણમાં લીધા : આ કચેરીના પત્ર જા.નં.નકૃયુ/કોમ્પ્ટ/વહટ/ ૪૦૦૪/૧૮. તા.૦૮/૦૬/૨૦૧૮.**

## : <u>પરિપત્ર</u> :

ઉપરોકત વંચાણે લીધેલ પત્રથી નવસારી કૃષિ યુનિવર્સિટીની તમામ કચેરીઓની ઈન્કમટેક્ષ સંબંધી 24Q અને 26Q ની TDS અંગેની કામગીરી **સને ૨૦૧૮–૧૯ ના વર્ષ** માટે શ્રી ભૂપેન્દ્ર દૂબે એન્ડ એસોસીયેટ, ચાર્ટડ એકાઉન્ટન્ટ, ૧૧૪, પહેલો માળ, મનોહર કોમ્પ્લેક્ષ, ફુવારા, નવસારીને સોંપવામાં આવેલ છે. જેથી ચાલુ નાણાંકીય વર્ષથી આવકવેરા ઓનલાઈન ફાઈલીંગની સઘળી કામગીરી ઉપરોકત પાર્ટી સંભાળશે. જેથી દરેક કચેરીના દર ત્રિમાસિક 24Q અને 26Q ની TDS ની માહિતી ઈન્કમટેક્ષ વિભાગને ઓનલાઈન ફાઈલ કરવાની થતી હોય, જે માટે આપની કચેરીના 24Q ની માહિતી માટે પગારબીલ સાથે જોડવામાં આવેલ કર્મચારીઓનું ઈન્કમટેક્ષ કપાત પત્રક અને 26Q ની માહિતી અને બેંકમાં જમા કરાવેલ TDS ની રકમના ચલણની નકલ તેમજ, ડીડીઓની માહિતી દર્શાવતું પત્રક કવાર્ટર પૂરૂ થયાના દિવસ –૫ માં નીચેના સરનામે સોફટકોપી મોકલી આપવાની રહેશે. તેમ છતાં સમય મર્યાદામાં સદરહુ માહિતી જે તે કચેરી તરફથી પૂરી પાડવામાં નહિ આવે તો આવકવેરા સંબંધી જે કોઈ પ્રશ્નો ઉપસ્થિત થશે તેની સઘળી જવાબદારી નાણાં ઉપાડ અને ચૂકવણાં અધિકારીશ્રીની રહેશે. તેમજ 24Q અને 26Q ની TDS ની ઓન લાઈન કરવાની કામગીરી માટે સદરહુ પાર્ટીના કવાટર દીઠ 24Q ના રૂા. ૫૦૦/–+ ટેક્ષ અને 26Q ના રૂા. ૫૦૦/–+ ટેક્ષના તથા ત્યારબાદ ૫૦ થી વધુ એન્ટ્રી માટે ૧ એન્ટ્રીના રૂા.૨/– મુજબ ભાવ યુનિવર્સિટીએ મંજુર કરેલ હોય, આ અંગેનો ખર્ચ જે તે કચેરીના બજેટ સદરમાં મંજુર થયેલ ગ્રાન્ટમાં કરવાનો રહેશે. તેમજ ઈન્કમટેક્ષ સંબંધી તમામ કામગીરી માટે શ્રી ભૂપેન્દ્ર દૂબે એન્ડ એસોસીયેટ, નવસારીનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

**વધુમાં તમામ ઉપાડ અને ચુકવણાં અધિકારીશ્રીઓને જણાવવાનું કે, આપની કચેરીમાં ફરજ બજાવતાં દરેક કર્મચારીઓની ઈન્કમટેક્ષ કપાતની માહિતીની ઓનલાઈન એન્ટ્રી કરવાની હોય, આગળના કવાર્ટરની માહિતી તાત્કાલિક એન્ટ્રી કરવા માટે શ્રી ભૂપેન્દ્ર દૂબે, ચાર્ટડ એકાઉન્ટન્ટને એકસલ ફાઈલમાં તેમના ઈ–મેઈલ ઉપર તા.૧૫/૦૬/૨૦૧૮ સુધીમાં મોકલી આપવા વિનંતી છે.જેથી નવા કવાર્ટરની કામગીરી સમયસર અને સમય મર્યાદામાં થઈ શકે.**

૨/–

| | | |
|---|---|---|
| ૧. | પાર્ટીના માલિકનું નામ | શ્રી ભૂપેન્દ્ર દૂબે એન્ડ એસોસીયેટ |
| ૨. | સરનામું | ૧૧૪, પહેલો માળ, મનોહર કોમ્પ્લેક્ષ, દાબુ હોસ્પિટલ સામે, ફુવારા, નવસારી. |
| ૩. | કચેરીનો ફોન નંબર | મો.૯૮૭૯૫ ૪૫૪૭૦<br>૦૨૬૩૭ – ૨૮૦૦૧૧ |
| ૪ | માર્ગદર્શન માટે મોબાઈલ નંબર | મો. ૯૮૭૯૫ ૪૫૪૭૦ |
| ૫ | ઈ–મેઈલ | bdubey34@yahoo.co.in |

જા.નં.નકૃયુ/કોમ્પ્ટ/કંન્ટ્રોલ/ ૪૦૬૩ /૨૦૧૮
નવસારી તારીખ : ૧૧/૦૬/૨૦૧૮.

હિસાબ નિયામક

**નકલ સવિનય રવાના :**

(૧) અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટ તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.
(૨) અત્રેની યુનિવર્સિટીના તમામ ઉપાડ અને ચુકવણાં અધિકારીશ્રીઓ તરફ અમલ થવા સારૂ.

**નકલ રવાના :**
વહીવટી–વ–હિસાબી અધિકારી, નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી તરફ જાણ થવા સારૂ.